MANAGED BY JIVAN JYOT TRUST, AMROLI - SURAT
J. Z. SHAH ARTS & H. P. DESAI COMMERCE COLLEGE, AMROLI - SURAT
Grant in Aid College Affiliated to Veer Narmad South Gujarat University, Surat
B. A [Principal - Gujarat & Economics] - B. Com [Eng. & Guj. Medium]
M. A [Gujarat, English & Economics] - M. Com [ Accountancy - English & Gujarati Medium]
Re-Accredited 'B++' (CGPA 2.94) by National Assessment And Accreditation Council(3rd Cycle) Sep-2019 Bengaluru
An ISO QMS - 9001 : 2015, EMS - 14001 : 2015 & OHSAS - 18001 : 2007 (IMS) Certified Institute
Estd. Year : 1991

**Out. Ref. No.646/2019-20**
**Dt.28-11-2019**

**પ્રતિ,**
**આદરણીય માતાશ્રી/ પિતાશ્રી/ વાલીશ્રી,**

**સુજ્ઞ મહાશય,**

આપ જાણો છો કે, આગામી દિવસોમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઇ કોમર્સ કોલેજમાં પરીક્ષાઓ યોજાનાર છે. આ પરીક્ષામાં આપના પાલ્ય પણ ઉપસ્થિત રહેનાર છે અને આપ સૌ સ્વાભાવિક રીતે આ પરીક્ષા બાબતે ચિંતિત પણ હશો જ.

આ પરીક્ષા એ જીવનનો એક પડાવ છે, સમગ્ર જીવન નથી. તે બાબત ધ્યાને રાખી આપશ્રી સમક્ષ કેટલીક વાતો રજૂ કરવી છે. આપણે સૌએ એ યાદ રાખવાનું છે કે, ઇશ્વરે તમામ બાળકોને એક સરખી બુદ્ધિ કે સંવેદનતંત્ર આપેલ નથી. દરેક વિદ્યાર્થીની રુચિ અને અભિરુચિ અલગ-અલગ પ્રકારે વ્યક્ત થતી જોવા મળે છે અને વિદ્યાર્થીને પોતાની અભિરુચિ મુજબ જો ભણવાનું મળે તો ચોક્કસ એ ખૂબ જ ઉત્સાહથી અને પ્રફુલ્લિત મનથી પરીક્ષામાં ભાગ લઈ શકે છે. આપણે સૌએ એ જાણવું જરૂરી છે કે, બાળકમાં કલા પ્રત્યે કે સંગીત પ્રત્યે કુદરતી લગાવ છે એવા બાળકને ગણિતના દાખલા પરાણે શીખવવામાં કોઇ શાણપણ નથી. જે બાળક સ્વાભાવિક રીતે ગીત-સંગીત જેવા વિષયમાં રસ ધરાવે છે તેના માટે ઇતિહાસ કે સાહિત્યની બાબતો નકામી છે. જે બાળક રમતવીર તરીકે રુચિ ધરાવે છે તેના માટે ફીઝીકલ ફીટનેસ મહત્વની છે. નહિ કે વિષયજ્ઞાન. તમારું બાળક તેને સોંપવામાં આવેલ વિષયોમાં માર્કસ મેળવે તો તે બરાબર છે, પરંતુ એ એવું ન કરી શકે તો તેનો આત્મવિશ્વાસ અને તેનું ગૌરવ ન ઝંખવાય તે રીતે તેને હૂંફ આપવી જરૂરી છે. આપના તરફથી આપના પાલ્યને એટલું જીવન શિક્ષણ અવશ્ય આપશો કે શાળાકીય શિક્ષણ એ વિશાળ જિંદગીનો એક નાનકડો હિસ્સો છે, જેના આધારે સમગ્ર જિંદગીનું મૂલ્યાંકન થઇ શકતું નથી. દુનિયામાં ઘણાં મહાન માણસો અને મહાન પુરુષો થઇ ગયેલ છે જે કોલેજ શિક્ષણમાં સામાન્ય કે સરેરાશ પ્રતિભા ધરાવતા હોય પરંતુ તેમણે પોતાની જાતને અને જગતને ખૂબ જ ઉચ્ચ સ્થાને પહોંચાડવામાં સફળતા મેળવેલ છે. આપણે એવું ન માનવું જોઇએ કે અમુક વ્યવસાય જેવા કે આઇ.એ.એસ. કે આઇ.આઇ.ટી.ના વિદ્યાર્થીઓ જ સુખી જીવન જીવી શકે છે. પરંતુ તે સિવાયનાં ક્ષેત્રો જેવા કે કલા, સંગીત, અભિનય, સમાજસેવા, પત્રકારત્વ, રમતજગત આ બધા ક્ષેત્રોમાં વિદ્યાર્થીને મોકળા મને એની પ્રતિભા ખીલવવાની એટલી જ વિશાળ તકો છે અને વ્યક્તિ ધારે તો આ ક્ષેત્રોમાં પણ પોતાનું સ્થાન અંકિત કરી જગતમાં નામના અને સંપત્તિ મેળવી શકે છે. પરીક્ષાઓને પોતાની રીતે ડરનું માધ્યમ બનાવ્યા વગર વિદ્યાર્થીને હૂંફ તેમજ સહકારથી પરીક્ષાઓ આપી શકે તે માટે એક વાલી તરીકે, માતા-પિતા તરીકે કે સંબંધી તરીકે આપણે સૌ વિદ્યાર્થીના મનગમતા વિષયમાં મદદરૂપ થઇ તેને પ્રફુલ્લિત વાતાવરણમાં પરીક્ષા આપી શકે એ માટે જરૂરી સહાયરૂપ થવા પ્રયત્નશીલ રહીએ અને તે દ્વારા સમાજ ઘડતરમાં અને વ્યક્તિગત ઘડતરમાં મદદરૂપ થઇએ એવી અભિલાષા વ્યક્ત કરું છું. આ તબક્કે આગામી પરીક્ષાઓમાં આપના સંતાન કે પાલ્ય ખૂબ જ યશ અને કીર્તિ મેળવે તેવી શુભેચ્છાઓ પાઠવું છું.

**લિ.**
**આપનો વિશ્વાસુ,**

**આચાર્યશ્રી.**

Amroli,Utran (W.R),SURAT – 394 107 GUJ - INDIA 0261 2499382, 2495288, 2495600, 2496729,2409002
+91 90991 33386 +91 90990 98259 principal@acs.ac.in www.acs.ac.in